*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 56

## આરોગ્ય સેતુ એપ્લિકેશન




- ચર્ચામાં શા માટે ?
- આરોગ્ય સેતુ એપ્લિકેશન વિશે
- Application Privacy વિશે :


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-56નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં કેન્દ્ર સરકારે COVID-19 સામે નિશ્ચિત લડતમાં ભારતના લોકોને એકસાથે લાવવા જાહેર-ખાનગી ભાગીદારીમાં 'આરોગ્ય સેતુ' નામની એપ્લિકેશનનો પ્રારંભ કરાવ્યો છે.

## આરોગ્ય સેતુ એપ્લિકેશન વિશે

- મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી હેઠળ કાર્ય કરતાં NIC (National Informations Centre) દ્વારા આ એપ્લિકેશન વિકસાવવામાં આવી છે.
- આરોગ્ય સેતુ એપ્લિકેશનને જાહેર-ખાનગી ભાગીદારી (Public-Privat Partnership)માં તૈયાર કરી ગૂગલ પ્લે સ્ટોર પર લોન્ચ કરવામાં આવી છે.
- આ એપ્લિકેશનનો મુખ્ય ઉદ્દેશ COVID-19થી સંક્રમિત વ્યક્તિઓ અને તેના ઉપાયો સંબંધિત માહિતી પ્રદાન કરવાનો રહેશે.
- આ એપ્લિકેશન 11 ભાષાઓમાં તથા તેમાં દેશના તમામ રાજ્યોના હેલ્પલાઈન નંબરોની યાદી પણ ઉપલબ્ધ છે.
- કોઈપણ વ્યક્તિમાં COVID-19ના જોખમનો અંદાજ તેમની ક્રિયા-પ્રતિક્રિયાઓના આધાર પર કરવા માટે આરોગ્ય સેતુ એપ્લિકેશન દ્વારા બ્લુટૂથ તક્નીક, એલ્ગોરિધમ (Algorithm) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરવામાં આવશે.
- એકવાર સ્માર્ટફોનમાં ઈન્સ્ટોલ થઈ ગયા પછી આ એપ્લિકેશન નજીકના કોઈપણ ફોનમાં આરોગ્ય સેતુ એપ્લિકેશન ઈન્સ્ટોલ થયાની ઓળખ કરી શકે છે.
- આ એપ્લિકેશન અમુક પરિમાણોના આધારે ચેપના જોખમની આકારણી કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જો કોઈ વ્યક્તિ COVID-19 સકારાત્મક (પોઝિટિવ) વ્યક્તિ સાથે સંપર્કમાં આવે છે તો એપ્લિકેશન સૂચનાઓ મોકલવાની સાથે સાથે કાળજી લેવાની માહિતી પણ પ્રદાન કરશે.
- ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના જણાવ્યા અનુસાર આ એપ્લિકેશન તેના વપરાશકર્તાઓના અન્ય લોકો સાથેના સંપર્ક અને યુઝરને ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે સંપર્ક થવાની સંભાવનામાં સત્તાધિકારીઓને ચેતવણી આપશે.
- આ એપ્લિકેશન સરકારને COVID-19 ચેપ ફેલાવાના જોખમની આકારણી કરવામાં અને જરૂર પડે ત્યારે લોકોને અલગ રાખવામાં મદદ કરશે.

## Application Privacy વિશે :

- આ એપ્લિકેશનને લઈને અનેક નિષ્ણાતોએ ગોપીનયતા (Privacy) સંબંધિત ચિંતાઓ જણાવી છે.
- જો કે કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર કોઈપણ વ્યક્તિની ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે લોકોના ડેટા તેમના ફોનમાં લોકલ સ્ટોરેજમાં સુરક્ષિત રાખવામાં આવશે તથા તેનો ઉપયોગ ત્યારે જ થશે જ્યારે વપરાશકર્તા COVID-19ની તપાસમાં પોઝિટિવ આવેલ વ્યક્તિ સાથે સંપર્કમાં આવશે.
- નિષ્ણાતોના જણાવ્યા અનુસાર એપ્લિકેશનમાં કઈ માહિતી એકત્રિત કરવામાં આવશે, તેમને કયા સુધી સંગ્રહિત કરવામાં આવશે તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી.
- આ એપ્લિકેશનનો ઉપયોગ COVID-19 રોગચાળાનો સામનો કરવા માટે જ કરવામાં આવશે.
- જો એપ્લિકેશનને ડિલીટ કરી નાખવામાં આવે તો 30 દિવસની અંદર ડેટા ક્લાઉડ સ્ટોરેજમાંથી કાઢી નાખવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT